


જાણો ઇંડિયન ચાર્લી ... ચાપ્લિન, 'ઇન્દ્રસેન સિંહ જૌહર'ને... Pg.2



લગ્ન કર્યા વિના પણ હું સંતુષ્ટ અને સંપૂર્ણ છું: સારા અલી ખાન Pg.4



“ક્યારેક અભિનયમાં ચોક્કસાઈ અને ઝીણવટ લાવવા માટે જે પધ્ધતિ અપનાવે છે તેના કારણે તે ઓવર એક્ટિંગ કરતો હોય એવું લાગે છે”

# મિ. પરફેક્શનીસ્ટની રીયલ લાઈફ આટલી ઈમપરફેક્ટ?!

ટોક ઓફ ધ ટાઉન

એક બાજુ આમીર ખાનની પ્રોફેશનલ લાઈફ 'પરફેક્ટ' રહી છે તો બીજી બાજુ તેની પર્સનલ લાઈફમાં સતત ઉથલ પાથલ થતી રહી છે. તેની ફિલ્મો જેટલા રેકોર્ડ્સ તોડે છે, જેટલી લોકપ્રિય બને છે તેટલું તેનું અંગત જીવન સૌથી વધારે ચર્ચાનો વિષય બન્યું છે. બોલીવુડમાં આમીર તેના કામને લઈને સમર્પિત અને પરફેકશનીસ્ટ રહ્યો છે પરંતુ, તેનું પારિવારિક જીવન ઈમપરફેકશનથી ભરેલું છે. તેનું લગ્ન જીવન, કૌટુંબિક સંબંધો અને જાહેરમાં કરેલા નિવેદનોએ વિવાદો સર્જ્યા છે. પહેલા વાત કરીએ આમીરના લગ્ન જીવન વિષેની, આમીરે બે વાર લગ્ન કર્યા હતા અને બંને લગ્નોનું પરિણામ છૂટાછેડામાં આવ્યું હતું. આમીરે ૨૧ વર્ષની ઉંમરે રીના દત્તા સાથે લગ્ન કર્યા હતા અને ૧૬ વર્ષના લગ્ન જીવન બાદ અને બે બાળકો જુનેદ અને ઈરાના જન્મ પછી તેમણે છૂટાછેડા લીધાં. આ દરમિયાન આમીર ઘણો ડીપ્રેશનમાં આવી ગયો હતો અને તેણે આલ્કોહોલ નું વધુ પડતું સેવન કરવાનું ચાલુ કરી દીધું હતું. ત્યાર બાદ 'લગાન'ના સેટ પર તેની મુલાકાત કિરણ રાવ સાથે થઈ અને તેમણે લગ્ન કરી લીધાં. પરંતુ, કિરણ સાથેના ૧૬ વર્ષના લગ્નજીવન બાદ તેમના ડિવોર્સ થઈ ગયા. આમીર અને કિરણનો એક પુત્ર પણ છે જેનું નામ આઝાદ છે. અહી નોંધનીય વાત એ છે કે છૂટાછેડા પછી પણ આમિરનો તેની બંને પત્નીઓ સાથે સારો સંબંધ છે અને તેઓ પારિવારિક પ્રસંગો એ હાજરી પણ આપે છે. હાલમાં, આમિર ગૌરી સ્પ્રેટ સાથે રીલેશનશીપમાં છે.

આ સિવાય, આમીરનું બ્રિટીશ જર્નાલીસ્ટ જેસિકા હાઈન્સ સાથે અફેર પણ ચાલતું હતું. એવી વાત જાણવા મળી હતી કે તેની પહેલી પત્નીથી અલગ થયા બાદ આમીર અને જેસિકા લીવ ઈન રિલેશનશિપમાં હતા અને તે દરમિયાન જેસિકા ગર્ભવતી પણ થઈ હતી. આમીરે તેને ગર્ભપાતની સલાહ આપી હતી પરંતુ, જેસીકાએ ગર્ભાવસ્થા જાળવી રાખવાનું પસંદ કર્યું અને તેમના પુત્ર જાનને જન્મ આપ્યો. આમીરે હંમેશા આ વાતોથી ઈનકાર કર્યો છે પરંતુ, તેના ભાઈ ફેઝલ ખાને જાહેરમાં આ અફેર અને બાળક વિશેની વાત સાચી છે તેમ કહ્યું હતું. આમ, આમિરનું લગ્ન જીવન સતત અસ્થિર રહ્યું છે. તો બીજી બાજુ, આમિરના પારિવારિક સંબંધો પણ એટલા સારા રહ્યા નથી. આમિરનો તેના ભાઈ ફેઝલ ખાન સાથે બિલકુલ પણ મનમેળ નથી. તેમની વચ્ચે મતભેદોની શરૂઆત 'મેલા' ફિલ્મથી થઈ હતી જેમાં આમીર અને ફેઝલે સાથે કામ કર્યું હતું. ફિલ્મ ફલોપ રહી હતી તેની પાછળનું કારણ આમીરે ફેઝલની ખરાબ એક્ટિંગને ગણાવ્યું. પરિસ્થિતિ વધારે ત્યારે ખરાબ થઈ જ્યારે તેમના ફેમીલી બિઝનેસમાં લેવાતા નિર્ણયોમાં ફેઝલને લઈને કાનૂની લડત શરૂ થઈ. ફેઝલએ ઘણી વાર પ્રેસ બોલાવીને જણાવ્યું છે કે આમીર અને તેનો પરિવાર તેના અંગત જીવનમાં દખલગીરી કરે છે, તેની માનસિક સ્થિતિ ખરાબ હોય ત્યારે તેને ઘરમાં કેદ રાખે છે. જોકે આ બાબતમાં આમીર અને તેના પરિવારે એક થઈ ને જવાબ પણ આપ્યો છે કે આ બધું ડૉક્ટરની સલાહ પ્રમાણે કરવામાં આવ્યું છે. તો બીજી બાજુ, ફેઝલનું માનવું છે કે તેના હિસ્સાની મિલકત લઈ લેવા માટે તેને માનસિક બીમાર બતાવવમાં આવે છે. વેલ, હકીકત તો તેમને જ ખબર હશે પરંતુ, આના પરથી એ વાત તો સાચી જ છે કે આમીર અને તેના ભાઈ ફેઝલના સંબંધમાં તણાવ છે. આમીરના તેના પુત્ર જુનેદ સાથે પણ કઈ ખાસ સારા સંબંધો નથી. પિતા આમીર પાસે અઢળક સંપત્તિ અને સંસાધનો હોવા છતાં જુનેદે સરળ જીવનશૈલી આપનાવી છે. તે પિતાની લક્ઝરી કાર ચલાવવાને બદલે જાહેર પરિવહનના સાધનો અથવા રાઈડ શેરીંગ એપ્લીકેશનનો ઉપયોગ કરે છે. જુનેદને કાસ્ટિંગમાં સગાવાદ બિલકુલ પસંદ નથી. તે ફિલ્મો પોતાની આવડતના જોરે મેળવવા માંગે છે. એવી વાત પણ સાંભળવામાં આવી છે કે, જુનેદ પિતા આમિરને સ્ક્રીપ્ટ બતાવવાનું પસંદ કરતો નથી. આ નિર્ણય તેની ફિલ્મ 'એક દિન' સાથે બનેલી ઘટનાથી આવ્યો છે. જ્યારે જુનેદે આમિરને આ ફિલ્મની સ્ક્રીપ્ટ બતાવી ત્યારે આમીર તરત જ આ ફિલ્મ પ્રોડ્યુસ કરવા તૈયાર થઈ ગયો જેના કારણે ફિલ્મ રીલીઝ કરવામાં ઘણો વિલંબ થયો અને આખરે ફિલ્મ ફલોપ રહી. સુત્રોના જણાવ્યા પ્રમાણે, જુનેદ એવું પણ માને છે કે પિતા આમિરને સ્ક્રીપ્ટ બતાવવી તેની એક ભૂલ હતી જે ભૂલ તે હવે થી ભવિષ્યમાં કરવાનો નથી. તે હવેથી આમીરની દખલગીરી તેની પોતાની ફિલ્મમાં ચાલવી લેવાનો નથી.


મિ પરફેક્શનીસ્ટની રીયલ લાઈફ ઘણી ઈમપરફેક્ટ અને ઘણી તનાવપૂર્ણ છે. તે કામને લઈને એટલો સિલેક્ટીવ અને મહેનતી છે કે તેની ક્યારેક આડ અસર પણ તેની ફિલ્મો અને તેની એક્ટિંગ પર પડે છે. કોઈ પણ પ્રોજેક્ટ લેતા પહેલા તે ઘણો સાવચેત રહે છે, છતાં તેની છેલ્લી ફિલ્મ લાલ સિંઘ ચઢ્ઢા ફલોપ અને સિતારે ઝમીન પર બોક્સ ઓફીસ પર ઠીકઠાક રહી હતી.

ક્યારેક અભિનયમાં ચોક્કસાઈ અને ઝીણવટ લાવવા માટે જે પધ્ધતિ અપનાવે છે તેના કારણે તે ઓવર એક્ટિંગ કરતો હોય એવું લાગે છે. કેટલાક વિવેચકોનું માનવું છે કે તેની ફિલ્મો આંતરરાષ્ટ્રીય ફિલ્મો અને તેના પોસ્ટરનું અનુકરણ કરતા હોય છે તો કેટલાક તેને આમીરની મૌલિકતા માને છે. આમ, પ્રોફેશનલ ફ્રન્ટ પર આમીર ભલે એક સુપર સ્ટાર રહ્યો હોય, તેની મોટા ભાગની ફિલ્મો હિટ રહેતી હોય, પરંતુ, પર્સનલ લાઈફમાં તે ઘણો અનસ્ટેબલ છે. ●

બોલિવ્લોગ વિથ પૉપ

## દિયા એ વોશરૂમમાં કપડાં બદલવા પડ્યા

અત્યારના એક્ટર્સ વેનિટી વેનની સુવિધા ભોગવે છે તે ૮૦ અને ૯૦ ના દાયકાના એક્ટર્સને મળતી ન હતી. તે સમયે એક્ટ્રેસને આઉટ ડોર શુટિંગ વખતે કપડાં બદલવા કે વોશરૂમ જવા માટે પણ પ્રાઈવસી મળતી ન હતી. આ વાત યાદ કરતા એક્ટ્રેસ દિયા મિર્ઝા જણાવે છે કે 'રેહના હે તેરે દિલ મે' ના શુટિંગ વખતે તેમની આખી ટીમ પાસે એક પણ વેનિટી વેન ન હતી. 'રેહના હે તેરે દિલ મેં' થી એક્ટ્રેસ દિયાનું બોલીવુડમાં ડેબ્યુ થયું હતું. તે જણાવે છે કે ફિલ્મ 'રેહના હે તેરે દિલ મેં'નું શુટિંગ સાઉથ આફ્રિકામાં થઈ રહ્યું હતું અને ત્યારે અમારી આખી ટીમ પાસે એક પણ વેનિટી વેન ન હતી. 'મને યાદ છે મારે એક ગીતના શુટિંગ વખતે કોસ્ચ્યુમ બદલવાનો હતો અને અમારી પાસે એક પણ વેનિટી વેન ન હતી. મારે ત્યાની નજીકના એક મોલના વોશરૂમમાં જઈને કપડાં બદલવા પડ્યા હતા. વળી, અમારી ટીમના ડાન્સર્સને પણ કપડા બદલવા કે મેકઅપ કરવા માટે નજીકના મોલનો ઉપયોગ કરવો પડતો. તે સમયે આ રીતે કામ કરવું પડતું હતું.' આઉટ ડોર શુટિંગમાં પડતી તકલીફ વિષે વધુમાં જણાવતા દિયા કહે છે કે 'જયારે અમે ગીતનું શુટિંગ કરવા આઉટ ડોર જઈએ છીએ ત્યારે અમારી પાસે ટોઈલેટ જવા જેવી પ્રાથમિક સુવિધાઓ પણ હોતી નથી. અમારે ઝાડની પાછળ કે મોટા પત્થરની પાછળ જવું પડતું, અથવા તો ત્રણ વ્યક્તિઓ મને ઘેરીને મોટી ચાદરથી મને કવર કરીને ઊભા રહેતા. અમારી પાસે કપડા બદલવા માટે પણ પ્રાઈવસી ન હતી.' ૨૦૦૧માં રીલીઝ થયેલી 'રેહના હે તેરે દિલ મેં' ગૌતમ વાસુદેવ મેનોન દ્વારા ડીરેક્ટ કરાયેલી હતી. ફિલ્મમા દિયા સાથે કો એકટર તરીકે આર.માધવન તેમજ અનુપમ ખેર અને સેફ અલી ખાન પણ હતા. ●



## શું કંગનાએ ચુપચાપ લગ્ન કરી લીધા?

સોશિયલ મીડિયા પર બોલીવુડ એક્ટ્રેસ અને પોલીટીશ્યન કંગના રનૌત વિષે ચર્ચા શરૂ થઈ ગઈ હતી કે જ્યારથી તેનો મંગળસુત્ર પહેરેલો એક ફોટો વાઈરલ થયો હતો. શું કંગનાએ ચુપચાપ લગ્ન કરી લીધાં? એ વાતને લઈને સોશિયલ મીડિયા ઘણી ચર્ચા શરૂ થઈ ગઈ હતી. પરંતુ, આખરે કંગનાએ જાતે જ આ વિષે સ્પષ્ટતા કરી દીધી. આ અફવા ત્યારથી શરૂ થઈ જ્યારથી કંગનાનો સોશિયલ મીડિયા પર એક ફોટો વાઈરલ થયો હતો જેમાં તેને ગુલાબી સલવાર સુટ પહેર્યા હતા અને સાથે મંગળસૂત્ર, માથે બિંદી અને લીલી બંગડીઓ પહેરી હતી. નવ વિવાહિત સ્ત્રીના આ પારંપરિક લુકમાં કંગનાને જોઈ ને તેના ચાહકોને લાગ્યું કે શું તેને ચુપકેથી લગ્ન કરી લીધાં છે? આ અફવાને રદિયો આપવા કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મુકીને સ્પષ્ટતા કરી. કંગનાએ સ્પષ્ટતા કરી કે તેનો આ નવ વિવાહિત સ્ત્રીનો લુક તે હાલમાં જે ફિલ્મ કરી રહી છે તેમાના તેના પાત્રનો છે. કંગનાએ હળવાશમા કહ્યું કે 'હું હાલમાં દરરોજ શુટિંગ કરી રહી છું અને તે દરમિયાન કોઈ કે મારો કેરેક્ટર મેકઅપ સાથેનો ફોટો ક્લિક કરી દીધો અને ત્યારથી મેં લગ્ન કરી લીધા હોવાની વાત ઉડતી થઈ છે. પરંતુ, વિવાહિત સ્ત્રીનો લુક હોય તેમાં શી મોટી વાત થઈ? એક્ટર્સ દરેક પ્રકારના પાત્રો ભજવતા હોય છે. હું તમને વચન આપું છું કે હું ચુપકેથી લગ્ન કરીશ નહિ.' આમ, આ રીતે કંગનાએ તેના લગ્નની અફવા ઉડેલી હતી તેને શાન કરી દીધી છે પરંતુ, તને એ અતની સ્પષ્ટતા કરી નથી કે જ્યારે આ ફોટો ક્લિક કરવામાં આવ્યો હતો ત્યારે તે કઈ ફિલ્મનું શુટિંગ કરી રહી હતી. કંગનાએ ને છેલ્લે ૨૦૨૫ માં ફિલ્મ ઈમરજન્સીમાં જોવામાં આવી હતી. આ ફિલ્મ તેની કારકિર્દી માટે મહત્વપૂર્ણ સાબિત થઈ હતી કારણકે તે ફિલ્મ તેની સોલો ડીરેક્ટોરીયલ ડેબ્યુ હતી. આ અગાઉ પણ તેણે મણિકર્ણિકા ફિલ્મ ડીરેક્ટ કરી હતી પણ તેમાં તેની સાથે રાધા ક્રિષ્ના જગર્લામુડી પણ કો ડીરેક્ટર તરીકે હતો. કંગના તેની મોટી થીયેટર ઈલીઝ ભારત ભાગ્ય વિધાતાની તૈયારી કરી રહી છે. મનોજ તાપડીયા દ્વારા ડીરેક્ટ કરાયેલી આ ફિલ્મ ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાની ભયાનક ઘટનાઓ પર આધારિત છે. ●



## તબુએ સરોજ ખાનને ગોલ્ડ બેન્ગલ્સ ગીફ્ટમાં આપી હતી

ફિલ્મ 'તક્ષક'નું 'રંગ દે' ગીત તો સરોજ ખાન દ્વારા કોરિયોગ્રાફ કરાયેલ આઈકોનીક ગીતોમાનું એક છે. આ ગીત વિષે જાણવા મળ્યું છે કે તબુએ સરોજ ખાન અને તેમના તમામ ડાન્સર્સને ગીતનું શુટિંગ પૂરું થતા ગોલ્ડ બેન્ગલ્સ અને પૈસા આપ્યા હતા. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દાયકાઓ સુધી સરોજ ખાને હિટ ગીતો અને તેમના હુક સ્ટેપ્સ આપ્યા છે. જેમાં 'ચોલી કે પીછે', 'ચને કે ખેત મેં', 'એક દો તીન', 'ધક ધક' જેવા ઘણા હીટ ગીતોનો સમાવેશ થાય છે. આ લીસ્ટમાં તક્ષક ફિલ્મનું 'રંગ દે' ગીત પણ આવે છે, જેમાં તબુએ પરફોર્મ કર્યું હતું. તબુ કે જે એક નોન ડાન્સર છે. તે પોતાના સ્ટેપ્સ બરાબર કરવાના પુરા પ્રયત્નો કરતી હતી. આ બાબતમાં તબુ કહે છે કે, 'હું મારા સ્ટેપ્સ પર ઘણી મહેનત કરતી હતી. શુટિંગ વખતે હું ભાગ્યે જ આરામ કરતી. મારું શરીર થોડું સ્ટિફ છે એટલે આવા ડાન્સ સ્ટેપ્સ કરવામાં મને ઘણી મહેનત કરવી પડતી. આખરે હું તે કરી શકી તેની મને ખુશી હતી. અમે ૪-૫ દિવસમાં ગીતનું શુટિંગ પૂરું કરી દીધું.' તબુની મહેનત અને ઉત્સાહને કારણે આ ગીત એક આઈકોનિક ગીત બની ગયું. આ ગીતનું શુટિંગ પૂરું થયું ત્યારે તબુ એ સરોજ ખાનને ગોલ્ડની બેન્ગલ્સ ગીફટમાં આપી. તેમની સાથે ૨૫-૩૦ ફીમેલ ડાન્સર્સને તેણે ગોલ્ડ નું બ્રેસલેટ અને ૨૫-૩૦ મેલ ડાન્સર્સને ગોલ્ડ ચેન ગીફ્ટમાં આપી હતી. આ ઉપરાંત, તેણે દરેકને ૧૦૦૦ રૂપિયા પણ આપ્યાં. આ ગીત પીઢ ગાયિકા આશા ભોસલે એ ગયું હતું અને સંગીત એ.આર.રેહમાને આપ્યું હતું. ●

